જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૨/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૪૦૫/૧૬

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન ચિંતન તેરૈયા સાહેબ તથા કાગડાપીઠ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એસ.મોદી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એન.કે.ડાભી સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશન તથા મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા સુચના કરતા આજરોજ તા-૨૯/૧૨/૨૦૧૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનને લગતી પ્રવુતિ નેસ્ત નાબુદ કરવા માટે કાગડાપીઠ સર્વેલન્સ સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક ૨૦/૧૫ વાગે રાયપુર દરવાજા બહાર અંબીકા ફટાકડા પાસે આવતા પો.કો જગદીશભાઇ કાંતીભાઇ તથા પો.કો ધર્મેશકુમાર હિન્દુભાઇ નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે જયેશભાઇ કાળુસિંહ ચૌહાણ રહે-રૂગ્નાથપુરાની પીઠ અંબીકા ફટાકડાની પાછળ રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર નાઓના ઘરે એક ઇન્ડીગો ફોર વ્હીલર ગાડી નં- GJ-27-V-9704 ટેક્ષી પાર્સીંગની જેમા એક ઇસમ કેટલોક ગેરકાયદેસર પરપ્રાંતીય ઇંગ્લીશદારૂનો જથ્થો લઇ આવી વેચાણ અર્થે આપવા માટે આવનાર છે જે બાતમી હકીકત આધારે આરોપી નિકુલગીરી જયંતીગીરી ગૌસ્વામી ઉ.વ-૨૧ રહે-મ.નં-૧ ત્રિપદા એપાર્ટમેન્ટ ધીરજ હાઉસીંગ ધ્રુવ હાઇસ્કુલની બાજુમા મણીનગર ખોખરા અમદાવાદ શહેર નાને બીયર ટીન નંગ-૧૬૮ કિ.રૂ-૩૩,૬૦૦/- તથા ઇન્ડીગો ફોરવ્હીલર ગાડી નં- GJ-27-V-9704 ની કિ.રૂ-૨,૦૦,૦૦૦/-તથા બે મોબાઇલ ફોન કિ.રૂ-૧૧,૦૦૦/- ની મતાના મળી કુલ્લે રૂ-૨,૪૪,૬૦૦/-- નો મુદામાલ સાથે કલાક ૨૧/૩૦ વાગે પકડી પકડી લઇ કાગડાપીઠ.પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં-૫૪૩૬/૧૬ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૯૯,૮૧ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે. તા-૨૯/૧૨/૨૦૧૬

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)